દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ

પાના નંબર :- ૦૨

તારીખ :- ૦૭/૦૨/૨૦૨૬

# મહાત્મા મંદિર પાસે વડાપ્રધાન મોદીનું અભિવાદન કરાશે

ગાંધીનગર | વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે સમગ્ર વહીવટી તંત્ર તૈયારીઓમાં વ્યસ્ત બની ગયું છે. નરેન્દ્ર મોદી 12મીએ સવારે સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવાનું લોકાર્પણ પણ કરશે. તેઓ 12મીએ અમદાવાદથી મેટ્રોમાં બેસીને ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે પહોંચશે જ્યાં જર્મનીના કાર્યક્રમમાં હાજરી પણ આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારવા માટે મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનથી મહાત્મા મંદિરના ગેટ નં. 3 સુધી નાગરિકો તેમનું અભિવાદન કરશે. મોદીના આગમનના પગલે તેમના રૂટ પર તમામ પ્રકારની વ્યવસ્થા, પ્રોટોકોલ, સલામતી વ્યવસ્થા સહિતની તૈયારીઓ હાલ ચાલી રહી છે. કલેક્ટર કચેરી, પાયોવિ, પોલીસ, મહાપાલિકાના અધિકારીઓ દ્વારા મીટિંગોનો દોર ચલાવાઈ રહ્યો છે.